ભાજપના ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં મહીલા કાર્યકરોએ મતદારોને અપીલ કરી

સે-૩, સે-૨૭ અને વાવોલ સહીતના વિસ્તારોમા પ્રધાનમંત્રીનો સંદેશો પહોંચાડી ભાજપને જંગી બહુમતીથી વિજેતા બનાવવા અપીલ કરી

ગાંધીનગર તા ૯

ભાજપના ગૌરવ મહાસંપર્ક અભિયાનના ત્રીજા દિવસે સે-૨૭, સે- ૩ તેમજ વાવોલમાં ઘરે ઘરે ફરીને જનસંપર્ક કરી પ્રધાનમંત્રીના સંદેશાને પહોંચતો કર્યો હતો. ભાજપને ૧૫૦ થી વધુ બેઠકો પર જીત અપાવાના

નિશ્ચય સાથે કાર્યકરો સાથે વોર્ડના આગેવાનો પણ જોડાયા હતા. કાર્યકરોએ સ્થાનિક રહીશો ,વેપારીઓ, સંસ્થાના અગ્રણીઓ સૌને મળી ભાજપને જીતાડવા અપીલ કરી હતી.

આગામી વિધાનસભાની ચુંટણીમાં ભાજપને ૧૫૦ થી વધુ બેઠકો પર જીત અપાવવાના સંકલ્પ સાથે ભાજપે રાજયમાં ગૌરવ મહાસંપર્ક અભિયાન શરૂ કર્યુ છે. અભિયાનના ત્રીજા દિવસે ગાંધીનગરમાં ભાજપના વોર્ડ પ્રમુખો નેતાઓ તેમજ કાર્યકરો સેકટરોમાં ઘરે ઘરે ભાજપનો પ્રચાર કરતા નજરે પડયા હતા. પ્રધાનમંત્રીનો સંદેશો ઘરે ઘરે પહોંચતો કરવાના આ અભિયાનમાં આજે સે-૩ માં પણ કાર્યકરો સહીત ભાજપના નેતાઓ ઘરે ઘરે પ્રધાનમંત્રીની પત્રિકાઓનુ વિતરણ કરી ઢોલ નગારા સાથે ફરતા જોવા મળ્યા હતા. જયારે સે-૨૭ માં ગુજરાત હાઉસીંગ ફાઈનાન્સ બોર્ડના ચેરમેન વાડીભાઈ પટેલ તેમજ ટીમના સભ્યો ગૌરવ મહાસંપર્ક અભિયાનમાં જોડાયા હતા. આ દરિમિયાન ગાંધીનગર ઉત્તર વિધાનસભાની સીટ જીતાવવા માટે સૌ કાર્યકરોએ ભાજપને સમર્થન આપવા માટે પણ હાકલ કરી હતી. જેમાં મોટી સંખ્યામાં મહીલાઓ સ્થાનિક મહીલા કોર્પોરેટર બરખા જહાંએ પ્રધાનમંત્રીનો સંદેશો ઘરે ઘરે પહોંચાડવાના આ અભિયાનમાં ભાજપને જંગી બહુમતીથી વિજેતા બનાવવા અપીલ કરી હતી. વાવોલમાં પણ ગામના આંતરિક વિસ્તારોમાં ભાજપના નેતાઓ અને કાર્યકરોએ આજે ઘરે ઘરે આમ નાગરિકોનો સંપર્ક કર્યો હતો. ભાજપ મહીલા મોરચાના છાયા ત્રિવેદી તેમજ શૈલેષ પટેલે પણ ગ્રામજનોને ભાજપને બહુમતી આપવા અપીલ કરી હતી.

જિલ્લામાં ૩ લાખ મતદારો દ્વારા નૈતિક મતદાનનો સંકલ્પ કરશે

મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત છ પાનાની ખાસ ગાઈડનું પણ વિતરણ કરાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં ૩ લાખ બાળકોને સંકલ્પપત્રનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું અધિક નિવાસી કલેક્ટર હનુમંતસિંહ જાડેજાએ જણાવતાં આજે કહ્યું હતું કે આગામી દિવસોમાં મતદાર જાગૃતિ અભિયાન સઘન બનાવાશે.

તેમણે જણાવ્યુ હતુ કે આગામી દિવસોમાં મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત જ વી.વી. પેટ સહિતની એક છ પાનાની મતદાર ગાઈડનું વિતરણ બી.એલ.ઓ. દ્વારા ઘરે ઘરે કરવામાં આવનાર છે.

હાલ આ માર્ગદર્શિકાનું પ્રિન્ટીંગ કામ ચાલુ છે. મતદાનના દિવસો નજીક આવશે ત્યારે આ પુસ્તિકાનું વિતરણ કરવામાં આવશે તેમ પણ તેમણે એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.

વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીનગર વિધાનસભા મત વિભાગની સામાન્ય ચૂંટણીમાં વધુમાં વધુ મતદારો મતદાન કરે તેવી જાગૃતિ લાવવા જિલ્લા વહીવટી તંત્ર કટિબદ્ધ છે. આ માટે ગાંધીનગરમાં ૩ લાખ જેટલા સંકલ્પ પત્રોનું વિતરણ વિદ્યાર્થીઓને કરવાનું કામ હાલમાં ચાલુ છે. દેશમાં વીવીપેટનું ઉપયોગ કરનાર મોટા રાજ્ય એવા ગુજરાતમાં વીવીપેટ અંગે મતદારોમાં જાગૃતિ આવે અને તે કેવી રીતે કાર્ય કરે છે, તેની મતદારોને માર્ગદર્શન પુસ્તીકાઓ પણ સંકલ્પ પત્રો સાથે આપવામાં આવી રહી છે. સંકલ્પ પત્રોદરેક પરિવારને પહોંચાડીને સંકલ્પ લેવડાવવામાં આવશે આપતી પત્રિકાઓ પણ સંકલ્પ પત્રો સાથે આપવામાં આવી રહી છે.

તે ઉપરાંત હાલમાં જિલ્લાની અનેક શૈક્ષણિક સંકુલમાં યુવા મહોત્સવ થકી ચિત્ર, રંગોળી, વક્તૃત્વ જેવી સ્પર્ધાઓ યોજીને પણ મતદાન જાગૃતિ લાવવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ઝોનલ ઓફિસરો દ્વારા વિવિધ વિધાનસભા મતદાર વિસ્તારમાં મતદાન જાગૃતિ અને વીવીપેટની અંગેની જાગૃતિ લાવવા માટેનું અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

મતદારયાદીમાં નામ દાખલ કરવાની પ્રક્રીયા તા. ૧૬ નવેમ્બર-૨૦૧૭ સુધી ચાલુમાં છે. જે મતદારોના નામ મતદારયાદીમાં દાખલ કરવાના બાકી હોય તેઓ ૧૬ નવેમ્બર-૨૦૧૭ પહેલા નજીકની મામલતદાર કચેરીઓમાં ફોર્મ નંબર-૬માં અરજી કરી શકે છે.

ગાંધીનગર જિલ્લામાં સેવા-મતદારો કુલ-૪૯૫ નોંધાયેલા છે. તેઓ પોતાનું મતદાન ભારતીય ચૂંટણી પંચ દ્વારા વિકસીત કરવામાં આવેલી અને રાજ્યમાં સૌ પ્રથમવાર ઉપયોગ થનાર ઈલેક્ટ્રોનિક ટ્રાન્સમિટેડ પોસ્ટલ બેલેટ સિસ્ટમ ઈટીપીબીએસ ઈલેક્ટ્રોનિક પ્રણાલીથી કરશે.

જિલ્લામાં ૭૭૮ હથિયાર જમા થયા અને ૧૯૩૫ લોકો સામે અટકાયતી પગલાં લેવાયા : જાડેજા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે અત્યાર સુધીમાં ૭૭૮ પરવાનાવાળા હથિયાર જમા લેવામાં આવ્યા છે.

અધિક નિવાસી કલેક્ટર જાડેજાએ જણાવ્યું હતું કે જિલ્લામાં ૮૩૭ પરવાનાવાળા હથિયારો છે અને ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થાય તે પહેલાં બધા જ હથિયારો જમા થઈ જશે. તેમણે જણાવ્યું હતું કે આ કામગીરી પર સતત નજર રાખવામાં આવી રહી છે.

જાડેજાએ જણાવ્યું હતું કે હથિયારો જમા નહિ કરાવનારાઓ સામે કાયદાની જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૧૯૩૫ લોકોની સામે પોલીસ દ્વારા અટકાયતી પગલાં લેવામાં આવ્યા છે. આ કામગીરી સઘન બનાવવામાં આવી છે.

મગોડી નજીક મગફળી ભરેલી ટ્રક પલ્ટી મારી ગઈ

ચિલોડા-દહગામ રોડ પરથી પસાર થઈ રહેલો મગફળીનો જથ્થો ભરેલી ટ્રક આજે બપોરે કોઈ કારણોસર મગોડી નજીક પલ્ટી ખાઈ ગઈ હતી. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હોવાથી કે મોટું નુકશાન થયું ન હોવાથી પોલિસ ફરિયાદ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે.

ચૂંટણી ચોતરેથી

● કોંગ્રેસની સેન્ટ્રલ ઈલેકશન કમિટિની બેઠક આજે નવી દિલ્હી ખાતે સોનિયા ગાંધીના નિવાસસ્થાને મળશે. જેમાં ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા આરંભાશે.

● ગુજરાત પ્રદેશ ભાજપની પાર્લામેન્ટરી બોર્ડની બેઠક આજથી મુખ્યમંત્રીના નિવાસસ્થાને ત્રણ દિવસ મળશે. જેમાં ઉમેદવારોની યાદીને આખરી ઓપ અપાશે.

● વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના કોઠારી સ્વામીએ ભાજપને મત આપવા કરેલ અપીલ સામે આચારસંહિતા ભંગની ફરિયાદ દાખલ થઈ છે.

● ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન દરમિયાન આજે પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે અક્ષર પુરુષોત્તમ સંસ્થાના વડા મહંત સ્વામીના ઘરે જઈ આર્શીવાદ મેળવ્યા હતા.

● ધાનેરાના ધારાસભ્ય જોઈતારામ પટેલે ભાજપ સામે આક્ષેપ કરતા જણાવ્યું હતું કે ૩૫ કરોડ રૂપિયાની તેઓને પક્ષ બદલવા ઓફર કરાઈ હતી.

● જાણીતા ટેકનોક્રેટ સામ પિત્રોડાએ કોંગ્રસનો ચૂંટણી ઢંઢેરો બનાવવા પ્રજાના સુચનો જાણવા આજથી પ્રવાસ આરંભ્યો છે.

● ભાજપનું ચૂંટણી સંકલ્પ પત્ર આખરી તબક્કામાં.

● નિકોલ વોર્ડમાં મહાસંપર્ક અભિયાન દરમિયાન ભાજપના કાર્યકરોને સુત્રોચ્ચારનો સામનો કરવો પડયો હતો.

● કેન્દ્રિય માહિતી પ્રસારણ મંત્રી સ્મૃતિ ઈરાનીએ ભરચક પત્રકાર પરિષદ સંબોધી હતી. સાથે સાથે તમામ ગુજરાતી ચેનલોને ઈન્ટરવ્યુ પણ આપ્યા હતા.

પનઘટ કલા કેન્દ્રના કલાકારો કેરલના હેરિટેજ ફેસ્ટીવલમાં ભાગ લેશે

કેરલના હેરીટેજ ફેસ્ટીવલમાં ગુજરાતી ગૌરવ ગાથા, ગીત સંગીત અને વ્યાખ્યાનોનુ આયોજન

ગાંધીનગર તા ૯

કેરલમાં આગામી ૧૧ અને ૧૨ નવેમ્બરના રોજ યોજાનારા હેરિટેજ ફેસ્ટીવલમાં ગાંધીનગરના કલાકારો ધુમ મચાવશે. કેરલ સરકાર આયોજિત આ મહોત્સવમાં ગાંધીનગરની પનઘટ કલા કેન્દ્રના કલાકારો પોતાની કૃતિ રજુ કરી શ્રોતાઓને ગુજરાતી સંસ્કૃતિની ઝાંખી કરાવશે.

કેરલ સરકારે હેરિટેજ ફેસ્ટીવલ ઉજવવાનુ નક્કી કર્યુ છે. જયારે આ મહોત્સવ અન્વેય ગુજરાતીઓની ગૌરવગાથા ગીત સંગીત તેમજ વ્યાખ્યાન સહીતના કાર્યક્રમોનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમમાં ગાંધીનગરના કલાકારો પણ પોતાની કૃતિ રજુ કરશે. જેમાં નગરની જાણીતી કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્રના સંચાલક અને યુવા કોરિયોગ્રાફર ભાવિન પટેલના માર્ગદર્શન હેઠળ કલાકારો ગરવી ગુજરાતની સંસ્કૃતિને ઉજાગર કરતી કૃતિ રજુ કરશે. પનઘટ કલા કેન્દ્રના કલાકારો આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે કેરલ જવા રવાના થઈ ગયા છે.

કેરળના નાણાંપ્રધાન ટી એમ થોમસના અધ્યક્ષસ્થાને ૧૧ નવેમ્બરના રોજ ઉત્સવનો આરંભ થશે. જયારે આ પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિણુ પંડયા વ્યાખ્યાન આપશે. આ ઉપરાંત નાગરિક પુરવઠા પ્રધાન પી થિલોથમન, ગુજરાત યુવા સંસ્કૃતિ વિભાગના સચિવ વી પી પટેલ કેરલ પ્રવાસન મંત્રી કેદ કંપાલી સુંદરન પણ પ્રવચન આપશે. ત્યારબાદ એલેપ્પી અને કેરળવાસી ગુજરાતીઓની હાજરીમાં બે દિવસ ઉત્સવ અન્વયે વિવિધ કાર્યક્રમો યોજાશે.

સિવિલમાં એકસ-રે, સોનોગ્રાફી હવે એક જ સ્થાને થશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મેડીકલ કોલેજ બનતા કાયાપલટ થઈ ગઈ છે. પાંચમાળની ઓપીડી બિલ્ડીંગ અને આઠમાળની ઈન્ડોર બિલ્ડીંગ તૈયાર કરાઈ છે. કરોડો રૂપીયાના ખર્ચે તૈયાર થયેલ બિલ્ડીંગમાં આરોગ્યલક્ષી સુવિધાઓ તેમજ અન્ય દર્દીઓને મળતી સુવિધામાં પણ વધારો કરાયો છે. ત્યારે સી-૧ માં લાખો રૂપીયાનો ખર્ચ કરીને મરામતનું કામ હાથ ધરાયું હતું. જેને પગલે રેડીયોલોજી વિભાગ અદ્યતન બની ગયો છે. હાલના સમયે દર્દીઓની સોનોગ્રાફી નવિન વિભાગમાં થાય છે પરંતુ ટુંક સમયમાં એકસ-રે મશીન કાર્યરત થતા દર્દીઓને છેક દિલ્લી થી દોલતાબાદ જવુ પડતુ હતું તેનાથી રાહત મળશે.

પાટનગરમાં મેડીકલ કોલેજ

બન્યા બાદ દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થવા પામ્યો છે. રોજના હજજારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે.

ઓપીડી બિલ્ડીંગ અને ઈમરજન્સી વિભાગ દર્દીઓથી ધમધમતા રહે છે. હાર્ટથી લઈને હિમોડાયાલીસીસની સારવાર પણ અહીં ઉપલબ્ધ બનવા પામી છે. જેથી જિલ્લાવાસીઓ ઉપરાંત આસપાસના જિલ્લાના દર્દીઓને પણ લાભ થવા પામ્યો છે. સિવિલનું મકાનના વિવિધ કામો બાકી હોવાથી કેટલીક સમસ્યાઓ પણ રોજબરોજ ઉદ્‌ભવે છે. ત્યારે સી-૧ ખાતે કાર્યરત લેબ અને એકસ-રે વિભાગ મરામતને પગલે અન્યત્ર ખસેડવામાં આવ્યો હતો.પરંતુ લાખો રૂપીયાના ખર્ચે સી-૧ વિભાગ અદ્યતન બનાવતા સોનોગ્રાફી મશીન કાર્યરત કરી દેવાયો છે. ટુંક સમયમાં એકસ-રે મશીન પણ ફીટ કરી દીધા બાદ એકસ-રે, સોનોગ્રાફી સહિત પેથોલોજી વિભાગ કાર્યરત થતા દર્દીઓને રાહત મળશે. સિવિલમાં એક સ્થાનેથી બીજા સ્થાને દર્દીઓને એકસ-રે, સોનોગ્રાફી જવુ પડતુ હતું તેનાથી રાહત મળશે. દર્દીને એક જ સ્થાને તમામ સુવિધાઓ મળી રહે તેવી જોગવાઈ તંત્ર દ્વારા કરાઈ છે. સીટી સ્કેન મશીન બંધ છે તે કાર્યરત થઈ જાય તો સિવિલમાં આવતા દર્દીઓને મોટો લાભ થાય તેમ છે. ત્યારે આ દિશામાં પણ તંત્ર દ્વારા સત્વરે નિર્ણય લઈ તે દિશામાં કામગીરી ઝપડી બનાવવાની જરુરીયાત ઉભી થવા પામી છે.

જન વિકલ્પ મોરચાના ઘટક ઓલ ઈન્ડિયા હિંદુસ્તાન કોંગ્રેસ પાર્ટીની ગાંધીનગર ખાતે બેઠક તાજેતરમાં ક-૭ નજીક સે-૨૬માં યોજાઈ હતી. જેમાં પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ બુધ્ધપ્રકાશ શર્મા, રાષ્ટ્રીય મહામંત્રી અનિલ શર્મા, ગુજરાત પ્રદેશ પ્રમુખ સમીર ત્રિવેદી, જનરલ સેક્રેટરી મુકેશ વૈદ્ય, પ્રવકતા પાર્થેશ પટેલ તથા ગુજરાતના દરેક જિલ્લામાંથી પાર્ટીના હોદ્દેદારો તેમજ કાર્યકર મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સાત માસ પૂર્વે સંકલ્પપત્ર સમિતિની રચના થઈ હતી

ભાજપનું સંકલ્પપત્ર આખરી તબક્કામાં છે : જિલ્લા મહાનગરોમાં જઇ સમાજના સૂચનો લેવાયા હતા

અમદાવાદ, તા.૮

પ્રદેશ પ્રવક્તાશ્રી ડો જગદીશ ભાવસારે જણાવ્યુ હતુ કે ભાજપા હંમેશા લોકસેવામાં કાર્યરત રહે છે ભા૪જપાના કાર્યકર્તાઓ હંમેશા લોકસંપર્ક કરી ન્લોકોની વચ્ચે રહેતા હોય છે ચુટણી સંકલ્પપત્રભાજપા માટે ચૂટણી ઢંઢેરો નથી કે જે માત્ર ને માત્ર ચૂંટૂણીઓ સમયે લોકોને ખોટી-ખોટી આશાઓ બંધાવી ગેરમાર્ગે દોરે પંરતુ ભાજપા માટે ચૂંટણી સંકલ્પ પત્ર એ લોકસેવા જનસેવા થકી વિવિધ વિકાસલક્ષી કાર્યો કરવાનો સંકલ્પ દર્શાવતો પત્ર છે.

સંકલ્પપત્ર એ ભાજપની વચનબદ્ધતા છે ભાવસારે જણાવ્યુ હતુ કે ભાજપાએ સંકલ્પપત્ર સમિતિની રચના પમી એપ્રિલ ૨૦૧૭ના રોજ કરેલ હતી એટલે કે સાત મહીનાથી સંકલ્પ પત્ર સમિતિના સભ્યતશ્રીઓએ સમગ્ર રાજ્યમા જીલ્લા મહાનગરમા જઈ લોકસંવાદ યોજી વિગતો મેળવી જેના આધારે સંકલ્પપત્ર તૈયાર કરવામા આવી રહ્યો છે સંકલ્પપત્ર સમિતિના સભ્યોશ્રીઓ રાજ્યોના વિવિધ વ્રગો અને વિવિધ ક્ષેત્રોના વ્યક્તિઓ જેવા કે યુવાનો, મહિલાઓ, ખેડુતો, નાના વેપારીઓ, ઉધમીઓ, કર્મચારીઓ વગેરેનો સંપર્ક કર્યો હતો ભાજપાનો સંકલ્પપત્ર તૈયારીના આખરી તબક્કામા છે સને ૧૯૯૫થી ૨૦૧૭ સુધી સંકલ્પપત્રમા જાહેર કરેલા સંકલ્પો ભાજપાએ પરી પૂર્ણ કર્યા છે અને આવનારા સમયમા ભાજપા ગુજરાતની સાડા ૬ કરોડ જનતા સમક્ષ પોતાના સંકલ્પની વાત સંકલ્પપત્ર થકી લઈ જશે ગુજરાતને એક નવી ઉંચાઈએ પહોચાડવા માટે ભાજપા સતત કાર્યશીલ અને પ્રતિબધ્ધ છે.

કોંગ્રેસ હવે ગ્ઞુજરાતમા ચૂટણીઓ સમયે ચૂંટણી ઢંઢેરો યાદ આવે છે કોંગ્રેસ ક્યારેય પ્રજા સમક્ષ જતી નથી કોંગ્રેસ જમીન પર મથી કોંગ્રેસ ના ચૂટાયેલા ધારાસભ્યો પણ રાજ્ય સરકારના મંત્રીઓને મળીને ક્યારેય પણ સ્થાનકિ મુદ્દોની રજુઆત કરતા નથી કોંગ્રેસને કોઈ પણ પ્રજાલક્ષી કાર્યોમા રસ નથી માત્ર મીડિયામા રહેવા માટે ખોટા ખોટા તાયફાઓ તથા ખોટી આંકડાકીય માહીતિઓ રજુ કરે છે હવે ચૂટણી ટાણે એત્ક મહીનો બાકી છે ત્યારે કોંગ્રેસ લોકોની શુ લોકભાવના જાણશે શુ પ્રશ્નો પૂછવા માગે છે તે પ્રશ્નો નિરાકરણ માટે શુ ભાગ ભજવશે ગુજરાતની જનતા કોન્ગ્રેસને સીધા પ્રશ્નો પૂછવા માગે છે કે પાંચ વર્ષ કોંગ્રેસ ને કેમ પ્રજા યાદ આવતી નથી ચૂટણી ટાણે પ્રજા વિવિધ વર્ગો વચ્ચે અંદરો અંદર વિખવાદ કરાવી વર્ગવિગ્રહ નિમ્ન કક્ષાની રાજનીતિ પર કોંગ્રેસ કેમ ઉતરી આવી છે ગુજરાતમા પોતાનુ અસ્તિત્વ બચાવવા યેન કેન પ્રકરણે કોંગ્રસે મરણીયા પ્રયાસો કરી રહી છે.

મત્સ્યોદ્યોગ ખાતાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. ગાંધીનગરના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૯

મત્સ્યોદ્યોગ ખાતાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી.ગાંધીનગરના હોદ્દેદારોની બેઠક તા.૭-૧૧-૧૭ના રોજ યોજાઈ હતી. જેમાં મંડળના કારોબારી સભ્યોની બિન હરીફ વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રધ્યુમનસિંહ વાઘેલાની સતત ૧૩મી વાર મંડળીના પ્રમુખ તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી છે. જેને પગલે સૌ સભ્યોએ તેમજ હોદ્દેદારોએ તેઓને શુભેચ્છા પાઠવી હતી. જયારે અન્ય સભ્યોમાં મંત્રી તરીકે કે.યુ.પટેલ, ઉપપ્રમુખ તરીકે એ.એલ.તેજલાણી, ખજાનચી તરીકે બી.એમ.માખીલ્લી, સહમંત્રી તરીકે વાય.બી.પુવાર, કારોબારી સભ્ય તરીકે પી.સી.મોદી, આર.પી.જાની, એમ.પી.પરમાર, પી.સી.સોલંકીની નિમણુંક કરવામાં આવી છે. પ્રમુખ પ્રધ્યુમનસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે મંડળીને છેલ્લા ૯ વર્ષથી ઓડીટમાં અ વર્ગ મળે છે.

શહેરમાં મોબાઈલ ટોઈલેટ શ્રમિક વિસ્તારની પાસે મુકવા નાગરીકોની માંગ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરમાં મહાનગર પાલિકા દ્વારા મોબાઈલ ટોઈલેટ વસાવવામાં આવ્યા છે. આ ટોઈલેટનો ઉપયોગ જાહેર સમારોહ હોય ત્યારે તે સ્થળે મુકવામાં આવે છે.તેમજ શહેરમાં શ્રમિક વિસ્તારની આસપાસ ગટરલાઈન સાથે જોડાણ કરીને મુકવામાં આવે છે. જેને પગલે શ્રમજીવીઓને જાહેરમાં શૌચક્રિયા કરવા જવુ ન પડે તેવા ઉમદા આશયથી તંત્ર દ્વારા મોબાઈલ ટોઈલેટની સુવિધા ઉભી કરાઈ છે. પરંતુ શહેરના કેટલાક રહેણાંક વિસ્તારની આસપાસ શ્રમજીવીઓની વસ્તી મોટીસંખ્યામાં આવેલી હોય છે. પરંતુ મોબાઈલ ટોઈલેટ ન હોવાથી આ વિસ્તારના શ્રમિકો રહેણાંક વિસ્તારની સામે આવેલ ખુલ્લી જગ્યાનો શૌચક્રિયા માટે ઉપયોગ કરે છે. જેથી સ્થાનિક રહીશો અને શ્રમિકો વચ્ચે ચકમક ઝરવાના કિસ્સા પણ બનતા હોય છે.

ગાંધીનગર શહેરમાં યોજાતા જાહેર મેળાવડામાં આવતા હજજારો નાગરીકો માટે તંત્ર દ્વારા સભા સ્થળ પર મોબાઈલ ટોઈલેટની સુવિધા ઉભી કરવામાં આવે છે. ત્યારબાદ તંત્ર દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં મોબાઈલ ટોઈલેટ ઉભા કરવામાં આવે છે. જે વિસ્તારમાંથી નાગરીકોની રજુઆત આવે છે તે વિસ્તારમાં ટોઈલેટ તંત્ર દ્વારા મુકવામાં આવે છે. જયારે શહેરમાં કેટલાક સેકટરોમાં રહેણાંક વિસ્તારની આસપાસના વિસ્તારમાં આવેલ સરકારી ખુલ્લી જમીનમાં હજજારો શ્રમિકો વસવાટ કરતા હોય છે. આ શ્રમિકો રહેણાંક વિસ્તારની સામે આવેલ ખુલ્લી જમીનનો ઉપયોગ શૌચક્રિયા માટે કરતા હોય છે. જેથી નાગરીકો અને શ્રમિકો વચ્ચે ચકમક ઝરે છે. ત્યારે સેકટર-૩ ન્યું વિસ્તારમાં પણ આરટીઓ કચેરી પાસે મોબાઈલ ટોઈલેટ તંત્ર દ્વારા મુકવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે. તંત્ર દ્વારા આ વિસ્તારમાં મોબાઈલ ટોઈલેટ મુકવામાં આવે તો હજજારો શ્રમિકોના ઉપયોગમાં આવી શકે તેમ છે. શહેરના કેટલાક વિસ્તારમાં ગટર સાથે જોડાણ કરીને ટોઈલેટ મુકવામાં આવ્યા છે. તેવી વ્યવસ્થા અન્ય સેકટરમાં રહેતા શ્રમિકો માટે કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

પ્લાસ્ટ ઈન્ડિયા ૨૦૧૮ પ્લાસ્ટિક ઉદ્યોગમાં ગુજરાતનું વર્ચસ્વ પ્રદર્શિત કરશે

૧૨મી રાષ્ટ્રીય યોજનામાં જળ વ્યવસ્થાપન, સિંચાઈ અને વીજ ઉત્પાદન માટે અનુક્રમે ૪૩ અબજ ડોલર, ૯૨ અબજ ડોલર અને ૨૨૦ અબજ ડોલરનાં રોકાણની જોગવાઈ કરવામાં આવી છે, જેનાં પરિણામે આગામી પાંચ વર્ષમાં ગુજરાતનાં પ્લાસ્ટિક ઉદ્યોગમાં તેજી આવવાની અપેક્ષા છે. આગામી પાંચ વર્ષમાં પ્લાસ્ટિક ઉદ્યોગમાં માગનો વાર્ષિક વૃદ્ધિદર ૧૦ ટકાથી વધારે રહેવાની ધારણા છે, જેને પૂર્ણ કરવા ઉદ્યોગે પ્લાસ્ટિક મશીનરીમાં ૧૨ અબજ ડોલરનું રોકાણ કરવાની યોજના બનાવી છે. ચોક્કસ પ્લાસ્ટ ઈન્ડિયા ૨૦૧૮ પ્લાસ્ટિક ઉદ્યોગમાં ગુજરાતમાં રહેલી તકો અને રાજ્યના ઉદ્યોગોનું વર્ચસ્વ પ્રદર્શિત કરશે. દર ત્રણ વર્ષે યોજાતો પ્લાસ્ટઈન્ડિયા ફેબ્રુઆરી, ૨૦૧૮માં ગાંધીનગરમાં યોજાશે.